ફર્લો/પેરોલ મંજૂર કરવા બાબત.

# ગુજરાત સરકાર
## ગૃહ વિભાગ

ક્રમાંકઃજલક-૩૯૨૦૧૪- મંત્રી-૭૮ -જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૪/૧૦/૨૦૧૪.

વંચાણે લીધાઃ
ગૃહ વિભાગના તા.૨૯/૦૬/૨૦૧૨ના પરિપત્ર ક્રમાંકઃજલક-૩૯૨૦૧૨-મંત્રી-૭૮-જ.

પરિપત્રઃ

ચોક્કસ પારિવારિક પ્રસંગોપાત અથવા પારિવારિક સદસ્ય (માતા-પિતા, ભાઇ-બહેન, પતિ/પત્નિ, બાળક) ના અવસાન નિમિત્તે કેદી દ્વારા પેરોલ મંજૂર કરવા અંગેની થયેલ રજૂઆત પરત્વે સંબંધિત સત્તાધીશો ખાસ કરીને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની કચેરી તરફથી નિર્ધારિત યથા સમયે યોગ્ય નિર્ણય લેવામાં આવતો ન હોઇ અને ઘણા જ વિલંબથી અવસર વીતી ગયા બાદ કેદી દ્વારા થયેલ પેરોલ રજૂઆતનો અસ્વીકાર કરતો લેવામાં આવેલ નિર્ણય અન્વયે કેદી દ્વારા નામ.હાઇકોર્ટ મેટર દાખલ કરવામાં આવતી હોવાની બાબત સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે.

તાજેતરમાં રાજકોટ મધ્યસ્થ જેલના કેદી દ્વારા પારિવારિક પ્રસંગે તથા વડોદરા મધ્યસ્થ જેલના કેદી દ્વારા તેમના પિતાજીના અવસાન નિમિત્તે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીને પેરોલ મંજૂર કરવા માટે કરાયેલ રજૂઆત પરત્વે યોગ્ય સમયમાં નિર્ણય નહી લઇ, ઘણાં વિલંબ બાદ કેદીની અરજીનો અસ્વીકાર કરતો લેવામાં આવેલ નિર્ણય અન્વયે સંબંધિત કેદીઓ દ્વારા નામ.ગુજરાત હાઇકોર્ટમાં સ્પે. ક્રિમીનલ એપ્લી. (પેરોલ લીવ) નં. ૩૪૬૦/૨૦૧૪, ૩૬૩૯/૨૦૧૪, ૩૪૬૬/૨૦૧૪, ૩૪૩૯/૨૦૧૪, ૩૬૩૫/૨૦૧૪, ૩૬૩૫/૨૦૧૪ તેમજ સ્પે. ક્રિમીનલ એપ્લી. (પેરોલ લીવ) નં.૩૬૩૬/૨૦૧૪ ને નામ.હાઇકોર્ટે ઘણી જ ગંભીરતાથી લઇ, રાજ્ય સરકારની કાર્યપ્રણાલિકા બાબતે નારાજગી વ્યક્ત કરેલ છે. જેના પરિણામે રાજ્ય સરકારે ક્ષોભજનક સ્થિતિમાં મુકાવું પડેલ છે. જે ઘણી જ ખેદ જનક બાબત છે.

ક્રિમીનલ મીસે.એપ્લી. (ફોર ડાયરેકશન) નં. ૩૫૪૮/૨૦૧૩ ઇન ક્રિમીનલ અપીલ નં.૯૬૮/૨૦૧૦ માં નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા.૨૯/૪/૨૦૧૩ ના ચૂકાદાના

ફકરા-૮(આઠ)માં ગુજરાત પોલીસ મેન્યુઅલ, ભાગ-૩ના નિયમ-૩૮૯ની જોગવાઇ અનુસાર ફર્લો મંજૂર કરવા અંગે અનુસરવાની કાર્યવાહી બાબતે તમામ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અને જિલ્લા કલેકટરશ્રી તથા જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રીને ખાસ દિશા નિર્દેશ આપેલ છે. આથી નામ.હાઇકોર્ટના આદેશનું ચુસ્તપણે પાલન કરવા સર્વે સંબંધિત અધિકારીઓને તકેદારી રાખવા સૂચના આપવામાં આવે છે.

જયારે પણ કેદીના અંગત પારિવારિક પ્રસંગ તથા કેદીના પરિવારના સદસ્યો (માતા-પિતા, ભાઇ-બહેન, પતિ/પત્નિ, બાળક) ના અવસાન નિમિત્તે કેદી દ્વારા (પ્રતિબંધિત કેટેગરી સિવાયના) પેરોલની અરજી કરવામાં આવે ત્યારે પ્રમાણભૂત આધારો મેળવી તેની તાકીદે ખરાઇ કરી આ પ્રકારની અરજીઓ તાત્કલિક વિના વિલંબે પેરોલ મંજૂર કરનાર સક્ષમ સત્તાધિશો તરફ મોકલી આપવાની કાર્યપ્રણાલિકા ચૂસ્તપણે અનુસરવામાં આવે તે તરફ સર્વે જેલ સત્તાધીશોનું અંગત ધ્યાન દોરવામાં આવે છે.

પ્રસ્તુત બાબતમાં સરકાર કક્ષાએથી આમુખમાં દર્શાવેલ ક્રમાંકથી થયેલ પરિપત્રથી તેમજ પ્રસ્તુત બાબતમાં વખતો વખતની સૂચનાઓને પેરોલ મંજૂર કરનાર સક્ષમ સત્તાધિશો દ્વારા હળવાશથી લેવામાં આવી રહેલનું પ્રતિપાદિત થાય છે. જે બાબત ઉચિત નથી. જે કિસ્સામાં પોલીસ અભિપ્રાયની આવશ્યકતા હોય તેવા કિસ્સામાં સંબંધિત પોલીસ સત્તાધીશો પાસેથી માગવામાં આવતો અભિપ્રાય સમયસર આપવામાં આવતો ન હોવાની બાબત પણ રાજ્ય સરકારના ધ્યાન ઉપર આવેલ છે. જે કિસ્સામાં સંબંધિત પોલીસ સત્તાધીશો પાસેથી માગવામાં આવેલ અભિપ્રાય, ચોક્કસ કારણો સહિત ગુજરાત પોલીસ મેન્યુઅલ, ભાગ-૩ના નિયમ-૩૮૯માં સુનિશ્ચિત થયેલ સમયાવધિમાં સંબંધિત સત્તાધીશ તરફ અચૂક મોકલી આપવાનો રહેશે. પોલીસ અભિપ્રાય વિલંબથી આપવાના કારણે કોર્ટ મેટર થવાના કિસ્સામાં જે તે પોલીસ સત્તાધીશને સીધા જવાબદાર ગણવામાં આવશે.

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પાસેની પેરોલ અંગેની રજૂઆતો બિનજરૂરી પડતર ના રહે અને સમયસર તેનો યોગ્ય નિકાલ કરવામાં આવે તે માટે ખાસ તકેદારી રાખવાની રહેશે.

જયારે કેદીના નજીકના પરિવારમાં પારિવારિક પ્રસંગોપાત અથવા ઉપર જણાવ્યા મુજબના પારિવારિક સદસ્યના અવસાનના કિસ્સામાં(ચોકકસ કેટેગરી સિવાયના) કેદીની પેરોલ મંજૂર કરવા માટે પોલીસ અભિપ્રાયની રાહ જોવાની પ્રથા જરાપણ ઉચિત જણાતી નથી

કેદીઓની અરજી મળ્યા બાદ કેદીના જેલ રેકાર્ડને ધ્યાનમાં લઇ કેદીઓની પેરોલ/ફર્લો રજા મંજૂર કરવાની જેને સત્તા છે તેવા સંબંધિત તમામ અધિકારીઓ શકય તેટલી ઝડપે નિર્ણય લેવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશંકર ઓધવાણી)
સેક્શન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ
-અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) ના રહસ્ય સચિવશ્રી,ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-સચિવશ્રી (ગૃહ) ના રહસ્ય સચિવશ્રી. ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
- પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
- સર્વે સંયુકત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે રેન્જ અધિકારીશ્રી,
- સર્વે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી,
- સર્વે પોલીસ કમિશ્નરશ્રી,
- સર્વે પોલીસ અધિક્ષકશ્રી (પ.રેલવે સહિત)
- સર્વે સંબંધિત શાખા, (વિશેષ-૫, વિશેષ-૩, બ, તથા ગ શાખા)
- સર્વે જેલ અધિક્ષકશ્રી (જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી મારફત)
- આચાર્યશ્રી, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ,
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ